ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૧૦ તા. ૧૬.૦૪.૨૦૧૯

-----------

# ભાજપા દ્વારા તમામ સંસદીય ક્ષેત્રોમાં ગૃપ મીટીંગો અને સંમેલનોનો ધમધમાટ ચાલી રહ્યો છે.

---------

## ભાજપા વક્તાઓ દ્વારા મતદાતાઓ સમક્ષ કોંગ્રેસના શાસન અને ભાજપાના શાસનના તુલનાત્મક વિકાસ, સુરક્ષા, વિદેશનીતિ, કશ્મીર, આતંકવાદ વગેરે મુદાઓને લઈને વાત મૂકવામાં આવી રહી છે

-----------

ભાજપા પ્રદેશ મીડીયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, ભાજપા દ્વારા તમામ સંસદીય ક્ષેત્રોમાં ગૃપ મીટીંગો અને સંમેલનોનો ધમધમાટ ચાલી રહ્યો છે. ભાજપા વક્તાઓ દ્વારા મતદાતાઓ સમક્ષ કોંગ્રેસના શાસન અને ભાજપાના શાસનના તુલનાત્મક વિકાસ, સુરક્ષા, વિદેશનીતિ, કાશ્મીર, આતંકવાદ વગેરે મુદાઓને લઈને વાત મૂકવામાં આવી રહી છે.

| મુદાઓ | કોંગ્રેસ | ભાજપા |
|---|---|---|
| પ્રતિ વ્યક્તિ આવક | રૂ. ૮૬,૬૪૭ | રૂ. ૧,૨૫,૩૯૭ |
| ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશ | ૧૪૩મું સ્થાન | ૭૭મું સ્થાન |
| મોંઘવારીનો દર | ૯.૮% | ૪.૯% |
| બેંક ખાતાઓ | ૫૦% પરિવાર | ૩૪.૮૭ કરોડ નવા ખાતેદાર |
| વિદેશી મુદ્રા ભંડાર | ૩૦૦ અરબ ડોલર | ૪૦૦ અરબ ડોલરથી વધુ |
| અપ્રત્યક્ષ કરોની સંખ્યા | ૧૭ | ૧ (જી.એસ.ટી.) |
| દુર્ઘટના વિમાનું પ્રિમીયમ | રૂ. ૭.૫૦ પ્રતિમાસ | રૂ. ૧.૦૦ પ્રતિમાસ |
| કરદાતાઓની સંખ્યા | ૩.૭૦ કરોડ | ૬.૮૩ કરોડ |
| રેસ્ટોરન્ટ બિલ પર ટેક્ષ | ૧૮% | ૫% |
| ઈન્કમટેક્ષ | રૂ. ૨.૫૦ લાખ થી ૫.૦૦ લાખ ૧૦% ટેક્ષ ધારકો | રૂ. ૨.૫૦ લાખ થી ૫.૦૦ લાખ સુધી ઝીરો ટેક્ષ |
| ઈન્કમટેક્ષની ૮૧ અંતર્ગત છુટછાટ | રૂ. ૧.૦૦ લાખ | રૂ. ૨.૦૦ લાખ |
| આવાસ નિર્માણ | ૨૫ લાખ (૨૦૦૯ થી ૨૦૧૪) | ૧ કરોડ ૩૦ લાખ |
| હોમલોન પર વ્યાજ દર | ૧૧.૫ ટકા | ૯ ટકા |
| ગેસ સિલીન્ડર | ૫૫ વર્ષમાં ૧૨ કરોડ | પાંચ વર્ષમાં ૧૩ કરોડ |
| પાસપોર્ટ કેન્દ્રની સંખ્યા | ૭૭ | ૩૦૫ |
| વિજળી વગરના ગામો | ૩૦% | ૦% |
| સૌર ઉર્જા ઉત્પાદન | ૨૬૦૫ મેગા વોટ | ૨૦ હજાર મેગા વોટ |
| આતંકવાદી ઘટનાઓ | ગૌહાટી, અયોધ્યા, દિલ્હી, બેગ્લોર, મુંબઈ, માલેગાંવ, હૈદરાબાદ, સમજોતા એક્સપ્રેસ બનારસ, અમદાવાદ, રામપુર, જયપુર, પુના, પટના | પઠાનકોટ અને પુલવામા સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકથી બદલો લીધો |

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

| | | |
|---|---|---|
| નક્સલી આતંકવાદ અસરગ્રસ્ત વિસ્તાર | ૧૨૪ જિલ્લાઓ | ૧૧ જિલ્લાઓ |
| મોબાઈલ ફોન કંપનીઓ | બે | ૧૨૭ |
| મોબાઈલ ડેટા નેટ ચાર્જ ૧ જી.બી. | ૨૬૯ રૂ. | ૧૯ રૂ. |
| પ્રતિ મીનીટ કોલ દર | રૂ. ૧ | ૦૦૦ |
| ઓપ્ટીકલ ફાયબર | ૫૯ ગામો | ૧ લાખ ૧૬ હજાર ગામો |
| મેડીકલ કોલેજ | ૩૮૧ | ૪૯૯ |
| ગરીબોને ૫ લાખ સુધીની મફત આરોગ્ય | ---- | આયુષ્યમાન ભારત |
| જન ઔષધી કેન્દ્રો | ૮૦ | ૫ હજારથી વધુ |
| હ્રદયના સ્ટેન્ડ અને ની | ----- | ૮૦ ટકા ઘટાડો |
| કૃષિ વિમા બજેટ | ૨૧૫૧ કરોડ | ૧૩ હજાર કરોડ |
| કિસાનોને આર્થિક સહાય | ------ | પ્રધાનમંત્રી કિસાન નીધી |
| રાષ્ટ્રીય રાજ માર્ગ | ૨ થી ૪ કિ.મી પ્રતિ દિન ૫૫ વર્ષમાં | ૩૩ કિ. મી. પ્રતિ દિન |
| ગ્રામીણ સડક નિર્માણ | ૬૯ કિ. મી. પ્રતિ દિન ૫૫ વર્ષમાં | ૧૩૪ કિ. મી. પ્રતિ દિન |
| ખેડૂતોને સિંચાઇ | કોઇ ઠોસ કાર્યવાહી નહીં | વર્ષોથી લટકેલ ૯૯ સિંચાઇ યોજના પૂર્ણ કરી |
| ગેર સંગઠીત શ્રમિકોને પેન્શન | કોઇ યોજના નહીં | ગેર સંગઠીત શ્રમિકોને પેન્શન |
| આરક્ષણ | કોઇ ચિંતા નહીં | તમામ વર્ગના ગરીબોને ૧૦ ટકા આરક્ષણ |
| રેલ્વેની નવી લાઇનો અને ગેજ કન્વર્ઝન | ૪.૧ કિ. મી. પ્રતિ દિન | ૬.૫૩ કિ. મી. પ્રતિ દિન |
| નર્મદા યોજના | ઉંચાઇ વધારવાની મંજુરીમાં વર્ષો લગાવી દિધા | માત્ર ૧૭ દિવસમાં મંજુરી |
| ગુજરાતને ક્રુડ રોયલ્ટી | અન્યાય અને આપ્યાં નહીં. | રૂ. ૧૦ હજાર કરોડ મંજુર કર્યા |
| ગુજરાતને નાણા કેન્દ્ર તરફથી | ૬૩,૩૪૬ કરોડ | ૧,૫૮,૦૦૦ કરોડ |
| ગુજરાતમાં નેશનલ હાઇવેની લંબાઇ | ૪૦૪૫ કિ. મી. | ૭૬૭૨ કિ. મી. |

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૧૧ તા. ૧૬.૦૪.૨૦૧૯

-----------

## ૨૦૧૪ પછીની ભાજપાની સરકારના કાર્યકાળમાં સમગ્ર દેશમાં ભૌતિક સુવિધાઓ અને લોકોના જીવન ધોરણમાં નોંધપાત્ર તફાવત જોવા મળે છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર બન્યાં બાદ પ્રાથમિક્તાના ધોરણે ગામડાઓ સુધી ગરીબોને પાકા મકાનો, શૌચાલય, પીવાના પાણી અને વીજળી જેવા પ્રાણ પ્રશ્નોને હલ કરવાના પ્રયાસો યુધ્ધના ધોરણે હાથ ધરાયા

- શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

કોંગ્રેસના રક્ષામંત્રીશ્રી એ.કે.એન્ટોનીએ કહ્યું હતું કે,

સરકાર પાસે બજેટ ઉપલબ્ધ નથી તેથી રાફેલ તો શું નાનું જેટ પણ ખરીદી ના શકીએ,

ત્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંપૂર્ણ પારદર્શકતાથી રાફેલ ડીલ પણ કરી, અને એસ-૪૦૦ પણ ખરીદી લીધું

- શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

૨૦૧૪ પછી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશનો ખૂબ જ વિકાસ કરીને ભારતીય અર્થ વ્યવસ્થાને ખૂબ જ આગળ લઇ ગયા છે. ભારતીય અર્થ વ્યવસ્થામાં ફ્રાંસને પાછળ રાખીને ભારત વિશ્વમાં નં. ૬ બન્યું છે

- શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

મેઇક ઈન ઈન્ડિયા અંતર્ગત બનાવેલી વંદે ભારત એક્ષપ્રેસ (ટ્રેન ૧૮) જે દિલ્હી અને વારાણસી વચ્ચે દોડનારી પ્રથમ સ્વદેશી સેમી હાઇસ્પીડ અને સ્વ સંચાલીત ટ્રેન છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

આજરોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જુનાગઢ લોકસભાના સુત્રાપાડા અને માળીયા ખાતે જંગી જનસભાને સંબોધીત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, આઝાદીના ૬૫ વર્ષ પછી પણ મોટાભાગના ગ્રામ્ય વિસ્તારો પાયાની સુવિધાઓથી વંચિત હતા. ભાજપાની સરકારે હમેશા ગરીબોને કેન્દ્ર સ્થાને રાખી તમામ નીતિઓ અને યોજનાઓનું આયોજન કર્યું છે. ૨૦૧૪ પછીની ભાજપાની સરકારના કાર્યકાળમાં સમગ્ર દેશમાં ભૌતિક સુવિધાઓ અને લોકોના જીવન ધોરણમાં નોંધપાત્ર તફાવત જોવા મળે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર બન્યાં બાદ પ્રાથમિક્તાના ધોરણે ગામડાઓ સુધી ગરીબોને પાકા મકાનો, શૌચાલય, પીવાના પાણી અને વીજળી જેવા પ્રાણ પ્રશ્નોને હલ કરવાના પ્રયાસો યુધ્ધના ધોરણે હાથ ધરાયા. આઝાદી મળ્યા બાદ કોંગ્રેસ જ સૌથી વધુ સત્તામાં રહી છે, પરંતુ કોંગ્રેસે ગરીબોના પાયાના પ્રાણ પ્રશ્નોની ક્યારેય ચિંતા કરી નથી અને હમેશા ગરીબી દુર કરવાના પોકળ વાયદાઓ કરીને ગરીબો સાથે અન્યાય જ કર્યો છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં તમે આપેલા એક વોટથી ગરીબોને ઘર મળ્યા, વિજળીથી વંચિત ગામડાઓને વીજળી મળી, મહિલાઓને આરોગ્યના હાનિકારક ધુમાડાથી મુક્તિ અપાવવા માટે ગેસ સિલિન્ડર મળ્યા, ગરીબોના સ્વાસ્થ્યની ચિંતા કરી તેમને રૂ. પાંચ લાખ સુધી મફત સારવારનો અધિકાર મળ્યો, વિશ્વનો સૌથી સસ્તો રૂ. બે લાખનો જીવન વીમો મળ્યો. આ બધા કાર્યો આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તેમની દીર્ઘદ્રષ્ટી અને  સક્ષમ નેતૃત્વને કારણે જ શક્ય બન્યા છે. દેશ પહલા કરતાં અનેક ઘણો સ્વચ્છ અને મજબૂત બન્યો છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના રક્ષામંત્રી શ્રી એ. કે. એન્ટોનીએ કહ્યું હતું કે, સરકાર પાસે બજેટ ઉપલબ્ધ નથી તેથી રાફેલ તો શું નાનું જેટ પણ ખરીદી ના શકીએ, ત્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંપૂર્ણ પારદર્શકતાથી રાફેલ ડીલ પણ કરી, અને એસ-૪૦૦ પણ ખરીદી લીધું. આખરે કોંગ્રેસના સમયમાં દેશના પૈસા ક્યાં જતા હતાં ? કોંગ્રેસ કહે છે કે, અમે સત્તામાં આવીશુ તો જમ્મુ કાશ્મીર માંથી સેના ઓછી કરીશું, જ્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જમ્મુ કાશ્મીરમાં સેનાને ૨૫૦૦ બુલેટપ્રુફ સ્કોર્પીયો તથા આધુનિક શસ્ત્રો અને ઉપકરણો આપ્યાં છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી પુન: વડાપ્રધાન બને તો ૨૦૨૪ સુધીમાં ભારતીય સેના વિશ્વમાં સૌથી શક્તિશાળી સેના બનશે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૧૪ પછી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશનો ખૂબ જ વિકાસ કરીને ભારતીય અર્થ વ્યવસ્થાને ખૂબ જ આગળ લઇ ગયા છે. ભારતીય અર્થ વ્યવસ્થામાં ફ્રાંસને  પાછળ રાખીને ભારત વિશ્વમાં નં. ૬ બન્યું છે. દેશને માટે આ એક સન્માનનીય બાબત છે. નવા ભારતના નિર્માણ માટે મેઇક ઇન ઇન્ડિયા અંતર્ગત બનાવેલી વંદે ભારત એક્ષપ્રેસ (ટ્રેન ૧૮) જે દિલ્હી અને વારાણસી વચ્ચે દોડનારી પ્રથમ સ્વદેશી સેમી હાઇસ્પીડ અને સ્વ સંચાલીત ટ્રેન છે. આ ટ્રેનનો દેશમાં વધારે ઉપયોગ થવાની સાથે વૈશ્વિક સ્તરે તેની નિકાસ ભારત કરશે. ટ્રેનની મહત્તમ સ્પીડ ૧૬૦ કિ. મી. રાખવામાં આવી છે. જેના કારણે પ્રવાસના સમયમાં મહત્વપૂર્ણ ઘટાડો થશે, તેવી જ રીતના જાપાનના સહયોગથી અમદાવાદ મુંબઇ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવાની કામગીરી શરૂ થઇ ગઇ છે. આનાથી અમદાવાદ મુંબઇ વચ્ચે પ્રવાસનો સમય ૮ કલાકથી ઘટીને ૨ કલાક થશે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ  અંતમાં જણાવ્યું હતું કે, આપણને ગૌરવ થવુ; જોઇએ કે, ગુજરાતનો એક પનોતો પુત્ર જે આપણા દેશનું નામ વિદેશોમાં પણ ઉજ્જવળ કરે છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીને હજુ પણ આવા ગૌરવવંતા કાર્યો કરવા માટે આપણે શ્રી રાજેશભાઇ ચુડાસમાને જંગી બહુમતીથી વિજયી બનાવીને દિલ્હી મોકલવા છે.

શ્રી વિજયભાઇ રૂપાણીની સુત્રાપાડા અને માળીયા (હા.) ખાતેની આ જનસભાઓમાં લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી રાજેશભાઇ ચુડાસમા, લોકસભા બેઠકના પ્રભારીશ્રી, ઇન્ચાર્જશ્રી, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, જીલ્લા સંગઠનના હોદેદારો અને વિશાળ સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૧૨ તા. ૧૬.૦૪.૨૦૧૯

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તારીખ ૧૭ એપ્રિલ, ૨૦૧૯ના રોજ **મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાજી, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફીયા, પૂર્વ ધારાસભ્યશ્રી નરેશભાઈ કનોડીયા** ગુજરાતમાં વિવિધ લોકસભા ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર રાઉન્ડ દરમ્યાન જાહેર સભાઓ તથા કાર્યકર્તા સંમેલનોને સંબોધશે.

## માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૭.૦૪.૨૦૧૯<br>બુધવાર | સવારે ૧૦.૦૦ કલાકે | **વલસાડ લોકસભા** - ધરમપૂર વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: ગામ હનમતમાલ, ધરમપુર |
| | બપોરે ૧૨.૨૫ કલાકે | **દાહોદ લોકસભા** - દાહોદ વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ - મહેન્દ્રા શો રૂમ ગ્રાઉન્ડની સામે, ઈન્દોર હાઈવે, દાહોદ |
| | બપોરે ૦૨.૧૫ કલાકે | **દાહોદ લોકસભા** – દાહોદ વિધાનસભા – ગ્રુપ મીટીંગ **દાહોદ** |
| | બપોરે ૦૩.૩૦ કલાકે | **દાહોદ લોકસભા** – દાહોદ વિધાનસભા – ગ્રુપ મીટીંગ **દાહોદ** |
| | સાંજે ૦૭.૩૦ કલાકે | **આણંદ લોકસભા** – આણંદ વિધાનસભા – ગ્રુપ મીટીંગ **આણંદ** |

## માન. પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વઘાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૭.૦૪.૨૦૧૯<br>બુધવાર | બપોરે ૦૧.૦૦ કલાકે | **સાબરકાંઠા લોકસભા** - હિંમતનગર વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ: મોદી ગ્રાઉન્ડ, હિંમતનગર |

## કેન્દ્રિય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૭.૦૪.૨૦૧૯<br>બુધવાર | સવારે ૦૯.૦૦ કલાકે | **અમરેલી લોકસભા** - રાજુલા વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ - હિંમતભાઈ શિંગાળાનો ડેલો, વાવેરા રોડ , રાજુલા |
| | સવારે ૧૧.૩૦ કલાકે | **અમરેલી લોકસભા** - ધારી વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ - પટેલવાડી, ધારી બાયપાસ ચોકડી, બગસરા |
| | સાંજે ૦૫.૦૦ કલાકે | **અમરેલી લોકસભા** - સાવરકુંડલા વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ - વડવાળા હનુમાનજી નજીક, લાઠી રોડ, લીલીયા |
| | સાંજે ૦૭.૩૦ કલાકે | **અમરેલી લોકસભા** - લાઠી વિધાનસભા - જાહેરસભા<br>સ્થળ - કડવા પટેલ સમાજની વાડી, દેવળીયા |

## પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફીયાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૭.૦૪.૨૦૧૯<br>બુધવાર | સવારે ૧૦.૪૫ કલાકે | **બનાસકાંઠા લોકસભા** - પાલનપુર વિધાનસભા - જાહેરસભા સ્થળ - મડાણા ગઢ, પાલનપુર |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | **જામનગર લોકસભા** - કાલાવાડ વિધાનસભા - જાહેરસભા સ્થળ - મોટી વાવડી, કાલાવાડ |
| | રાત્રે ૦૯.૦૦ કલાકે | **જામનગર લોકસભા** - કાલાવાડ વિધાનસભા - જાહેરસભા સ્થળ - મોટી વાવડી, કાલાવાડ |

## પૂર્વ ધારાસભ્યશ્રી નરેશભાઈ કનોડીયાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૭.૦૪.૨૦૧૯<br>બુધવાર | બપોરે ૦૩.૦૦ કલાકે | વડોદરા લોકસભા-વડોદરા શહેર વિધાનસભા-જાહેરસભા સ્થળ: જલારામ મંદિર, અલીપુરા |
| | સાંજે ૦૭.૦૦ કલાકે | વડોદરા લોકસભા-વડોદરા શહેર વિધાનસભા-જાહેરસભા સ્થળ: ગધેડા માર્કેટ,કિશનવાડી-વડોદરા |

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ